પંખે દુપટ્ટો બાંધી સે-૨૬નાં જમીન દલાલનો ગળે ફાંસો

પત્નિએ રાત્રે બે વાગ્યે રૂમનો દરવાજો ખટખટાવ્યો પણ વળતો જવાબ ન મળતા પડોશીઓની મદદથી દરવાજો તોડીને જોયું તો દિકરીના દુપટ્ટાથી પંખે લટકેલા હતા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ ગ્રીનસીટી વિસ્તારમાં રહેતા ૪૧ વર્ષીય જમીન દલાલ યુવાને રાત્રીના અરસામાં પોતાના રૂમનો દરવાજો અંદરથી બંધ કરીને કોઈ અગમ્ય કારણોસર દિકરીનો દુપટ્ટો પંખે બાંધીને ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. પત્નિ ટીવી જોઈને રૂમમાં જવા ગયા ત્યારે બંધ દરવાજો ખટખટાવ્યો પરંતુ કોઈ રીસ્પોન્સ ન મળતા ગભરાઈ ગયેલી પત્નિએ પડોશીઓને બોલાવી દરવાજો તોડી અંદર જોયું તો પંખે લટકેલી હાલતમાં હતાં. સે-૨૧ પોલીસે આ બનાવ અંગે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પીએમ માટે મોકલી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

શહેરના સે-૨૬ ગ્રીનસીટીના મકાન નંબર ૪/૮ ખાતે રહેતા ૪૧ વર્ષીય નિતિનભાઈ રમણીકલાલ શાહ જમીન દલાલી સાથે સંકળાયેલા હતા. તેમને સંતાનમાં એક દિકરી છે. ગઈ કાલે મોડી સાંજે તેઓ ઘરે આવ્યા ને રાત્રે પોતાના રૂમમાં જઈ દરવાજો બંધ કરી દીધો હતો. થાકેલા-પાકેલા આવ્યા હોવાથી જમ્યા વિના રૂમમાં આરામ કરવા જતા રહ્યા હશે તેવું માનીને તેમની પત્નીએ આ બાબતને ગંભીરતાથી લીધી ન હતી. રાત્રે ટી.વી. જોઈને તેમની પત્ની જમવાનું આપવા રૂમમાં પ્રવેશવા ગયા તો દરવાજો અંદરથી બંધ જોઈ ચોંકી ગયા હતા. દરવાજો ખટખટાવવા છતાં અંદરથી કોઈ અવાજ ન આવતા તેમણે બુમાબુમ શરુ કરી દીધી હતી અને પડોશીઓને બોલાવી લીધા હતાં.

દરવાજો તોડીને અંદર જોતા નિતિનભાઈએ પંખે દુપટ્ટો બાંધીને ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાનું જણાયું હતું. તેમણે કયા કારણોસર આપઘાત કર્યો તે હજુ બહાર આવ્યું નથી. સે-૨૧ પોલીસ મથકના પી.એસ.આઈ. આર.આર. રાઠવાએ ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

ગાંધીનગરના સેકટર-૨૪માં યુવા કથાકાર સંજયભારતીની વ્યાસપીઠે યોજાયેલી રામકથામાં નગરના ભકતજનોએ શ્રી રામજન્મ, બાળ લીલા, રામ સિતા વિવાહ, હનુમાન ભકિત, સીતા હરણ, રામ-રાવણ યુદ્ધ વગેરે પ્રસંગોનું રસપૂર્વક શ્રવણ કર્યું હતું.

શિવશકિત મંદિરનો પાટોત્સવ સંપન્ન

ગાંધીનગર શહેરના સેકટર-૩ એ ન્યુ શિવશકિત મંદિરનો તાજેતરમાં ૧૧મો પાટોત્સવ ખૂબ જ ધામધૂમપૂર્વક ઉજવાયો હતો. પાટોત્સવમાં સેકટરના રહીશો તથા ભાવિક ભકતજનો મોટી સંખ્યામાં જોડાયા હતા અને સમગ્ર કાર્યક્રમની રસપૂર્વક ઉજવણી કરી હતી. શિવ શકિત મંદિરના પટાંગણમાં માતાજીનાં ધજારોહણ કાર્યક્રમ સાથે સાથે આરતી વંદના અને પ્રસાદ વહેંચણી કરવામાં આવી હતી. આ પ્રસંગ માતાજીનો આનંદનો ગરબો પણ યોજાયો હતો. ભાવનાબેને આનંદનો ગરબો કરતાં ભાવિક ભકતજનો તેમાં મોટી સંખ્યામાં જોડાયા હતા. શિવ શકિત મંદિરમાં દર વર્ષે નવરાત્રી, જન્માષ્ટમી, શિવરાત્રી, રામનવમી, દિવાળી વગેરે તહેવારોની ઉલ્લાસપૂર્વક ઉજવણી થાય છે. સ્થાનિકજનોની શ્રદ્ધા ભકિતથી અને આયોજકો દ્વારા મંદિરને સુંદર રીતે શણગારવામાં આવે છે. ભકતોની આસ્થાનું આ કેન્દ્ર બની ગયું છે.

ઓનલાઈન ખરીદી કર્યા બાદ એકાઉન્ટ હેક કરીને છેતરપીંડી

ઈન્ફોસીટીની યુવતીને સસ્તી કિંમતે મોબાઈલ ખરીદવાનો મેસેજ મળ્યો હતો : બેંક એકાઉન્ટ હેક કરીને ૨૩ હજારનું ટ્રાન્જેકશન કરી ચીટીંગ

ગાંધીનગર, તા.૨૪

ઓનલાઈન સસ્તી કિંમતે મોબાઈલ ખરીદવાના આવેલા મેસેજથી આકર્ષાઈને ગાંધીનગરની યુવતીએ ઓનલાઈન ખરીદી કરવા બેંક એકાઉન્ટમાંથી ઓનલાઈન ટ્રાન્જેકશન કર્યું હતું. ત્યારબાદ આ એકાઉન્ટને હેક કરીને તે કંપનીના સંચાલક દ્વારા તબક્કાવાર યુવતીના બેંક એકાઉન્ટમાં પડેલા બધા રૂપિયા ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી આચરી હોવાનો કિસ્સો બનવા પામ્યો છે. સે-૭ પોલીસે આ અંગે ઈન્ફોસીટીની યુવતીને આધારે ગુનો દાખલ કરીને સેકન્ડ પી.આઈ. પી.ટી. બોદરે તપાસ આરંભી છે.

ઈન્ફોસીટી બ્લોક નં. બી/૬ ખાતે રહેતી અને મુળ ડુંગરપુર વિસ્તારની રહેવાસી યુવતી કીર્તી રમણલાલ પટેલને સસ્તી કિંમતે ઓનલાઈન મોબાઈલ ખરીદી માટેનો એક મેસેજ આવ્યો હતો. જેને પગલે તેણીએ ઓનલાઈન ખરીદી માટે પ્રોસેસ કરી હતી. મોબાઈલ ખરીદવા માટે ઈલોપ કંપનીની સાઈટ પર ઓર્ડર કરીને રૂ. ૧૧,૭૭૦ ડેબીટ કાર્ડ મારફતે ઓનલાઈન પેમેન્ટ કર્યું હતું. થોડા સમય બાદ તેણીના બેંક એકાઉન્ટમાંથી બીજા રૂપિયા પણ અન્યના એકાઉન્ટમાં ટ્રાન્સફર થયાના મેસેજ મોબાઈલમાં આવતા કિર્તીબેન ચોંકી ઉઠી હતી. કિર્તીબેનના બેંક એકાઉન્ટમાંથી બધા જ રૂપિયા સાફ થઈ ગયા હતાં. ઓનલાઈન મોબાઈલ ખરીદવા માટે જે કંપની સાથે ટ્રાન્જેકશન કરવામાં આવ્યું તેના સંચાલક દ્વારા એકાઉન્ટ હેક કરીને ખાતામાંથી રૂ.૨૨,૭૪૯નું ટ્રાન્જેકશન કરી લઈ છેતરપીંડી થઈ જવા પામી છે. કિર્તીબેનની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

સર્વ શિક્ષા અભિયાનને બદલે સર્વ સાક્ષરતા અભિયાનના નામે વિજાપુરના શખ્સે શરુ કરેલી બોગસ ભરતી પ્રક્રિયા બાદ માસ્ટર માઈન્ડ ચીટર પોલીસ સકંજામાં આવી ગયો હતો. આ શખ્સે વિવિધ જિલ્લાઓની શાળામાં લીધેલી પરીક્ષા સમયે પેપર્સ લઈ જવાનો કોન્ટ્રાકટ એક કુરીયર કંપનીને આપ્યો હતો. જે પેપર્સનો જથ્થો કલેકટ કરી લીધા બાદ કુરીયર કંપનીમાં પડયો રહ્યો હતો. હિંમતનગર, પાલનપુર, સરખેજ સહિત વિવિધ વિસ્તારોમાંથી આ પેપર્સનો જથ્થો આજે લોડીંગ રીક્ષા ભરીને પોલીસ સ્ટેશન લવાયો હતો. હજારો પેપર સે-૭ પોલીસે આજે કબ્જે લીધા છે.

ચરેડી પાસે ખુલ્લેઆમ જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

પોલીસે દરોડો પાડીને સાડા છ હજારનો મુદ્દામાલ કબ્જે લઈ પાંચેય શકુનીઓની ધરપકડ કરી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના પ્રેસ સર્કલ નજીક ચરેડી પાસે ખુલ્લેઆમ જુગારની બાજી મંડાઈ હોવાની બાતમીને આધારે સે. ૨૧ પોલીસે સાંજે દરોડો પાડતા નાસભાગ મચી ગઈ હતી. પોલીસે જુગારીઓને કોર્ડન કરીને પાંચ શખ્સોની ધરપકડ કરી લઈ રૂ. ૬૫૬૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેકટર-૨૧ પોલીસમથકના સિનિ. પી.આઈ. એસ.ડી. પટેલને બાતમી મળી હતી કે પ્રેસ સર્કલ ચરેડી છાપરા પાસે કેટલાક શખ્સો બિન્દાસ્ત ખુલ્લેઆમ જુગારની બાજી માંડીને બેઠા છે. જેને આધારે પી.આઈ.ની સુચનાને આધારે પી.એસ.આઈ. પી.જે. સોલંકી તેમની ટીમ સાથે બાતમીવાળા સ્થળે પહોંચી ગયા હતા અને દરોડો પાડીને જુગારીઓને કોર્ડન કરી લીધા હતા. પોલીસ જોઈને જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. જો કે પોલીસે જુગાર રમી રહેલા પાંચેય શખ્સો, રંગેહાથ ઝડપી લઈ તેમની ધરપકડ કરી લીધી હતી. તેમની પાસેથી રૂ. ૩૭૧૦ રોકડા તથા રૂ. ૨૮૫૦ની કિંમતના ૩ નંગ મોબાઈલ મળી રૂ. ૬૫૬૦ની કિંમતનો મુદ્દામાલ કબ્જે લીધો છે. આ જુગારના કેસમાં ઝડપાયેલા પાંચ શખ્સોમાં ચરેડી છાપરામાં રહેતા પ્રકાશ ધમા વઢીયારી, ફિરોજ યુસુફ મનસુરી, વિજય ધુળા દંતાણી, જયેશ રામજી ગજ્જર અને નારણ વણઝારાનો સમાવેશ થાય છે. પાંચેયની ધરપકડ કરીને પી.એસ.આઈ. પી.જે. સોલંકીએ તપાસનો દૌર શરૂ કર્યો છે.

આજથી શિવમહાપુરાણ કથાનો શુભારંભ થશે

ગાંધીનગર, તા. ૨૪

દેવાધી દેવ મહાદેવજીનાં ગુણોનું વર્ણન કરતી શિવકથાનું યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે નવરાત્રી ચોક, રંગમંચ પાછળના મેદાન સેકટર-૨૨, ગાંધીનગર ખાતે શુભ આરંભ થશે. આજે તા. ૨૫ ફેબ્રુઆરીએ બપોરે ૨ કલાકે પોથીયાત્રા નીકળી કથા સ્થળે પહોંચશે. આજથી આરંભાયેલી કથા તા. ૩ માર્ચ સુધી ચાલશે. જેનો ભક્તજનો લાભ લઈ શકશે.

ગાંધીનગર રંગમંચ પાછળના મેદાનમાં અદ્‌ભુત મંડપની સજાવટ સાથે ભવ્ય પોથીયાત્રા પ્લોટ નં. ૪૬૫/૨, ઈન્દ્રપ્રસ્થ સોસાયટી, સેકટર-૨૨, ગાંધીનગરથી નીકળી બેન્ડવાજા સાથે સમગ્ર સેકટર-૨૨માં થી કથા સ્થળે પહોંચશે. બપોરે ૨ કલાકે પોથી યાત્રા પ્રસ્થાન કરી સેકટરમાં ફરી કથા સ્થળે પહોંચશે. આ પ્રસંગે દીપ પ્રાગટ્ય ધર્માધ્યક્ષ પ.પૂ. શાસ્ત્રી ફૂલશંકર મહારાજ, પંચદેવ મંદિરના આચાર્ય ભાનુભાઈ વ્યાસ, જ્યોતિષ આચાર્ય જિગ્નેશભાઈ મહારાજ ખાસ હાજરી આપશે. સર્વે ભક્તોને તા. ૨૫મી ફેબ્રુઆરી-૨૦૧૩ થી ૩ માર્ચ-૨૦૧૩ સુધી શિવકથા શ્રવણ કરવા સમિતિએ ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

આજે વણકર સમાજનો સમૂહલગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર વસાહતી બસોબ્યાસી વણકર સમાજના ઉપક્રમે સમગ્ર વણકર સમાજનો ચતુર્થ સમૂહલગ્ન સમારોહ આજે તા. ૨૫મી ફેબ્રુઆરી-૨૦૧૩, ગાંધીનગર ખાતે યોજાશે.

વણકર સમાજના સમૂહ લગ્નોત્સવમાં મંત્રી રમણલાલ વોરા, ફકીરભાઈ વાઘેલા તથા અન્ય મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહેશે અને નવ દંપતિઓને આશીર્વાદ આપશે. સમાજના સ્નેહ સ્વજનોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ મધુકર પરમાર અને મહામંત્રી રમણલાલ પરમારે ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

ગાંધીનગર જિલ્લાના ચિલોડા મોટા ખાતેના પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલયનાં પટાંગણમાં ૧૬મી ફેબ્રુઆરીના રોજ 'શાંતિ એક્સપ્રેસ' ટ્રેનનું આગમન થતાં સવારે સી.આર.પી.એફ. ગાંધીનગરના ડી.આઈ.જી.શ્રી કે. થોમસ જોબ સાહેબ, ચિલોડા પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રી બી.સી. ઠક્કર, ડે. સરપંચશ્રી જગદિશભાઈ બી. પટેલ, માજી સરપંચશ્રી કેશવલાલ પટેલ, તથા ગાંધીનગરથી પધારેલા રાજયોગીની બ્રહ્માકુમારી ધર્મિષ્ઠાબેન, ચિલોડા સેવા કેન્દ્રના સંચાલિકા બ્રહ્માકુમારી તારાબહેન ગામના અગ્રણી નાગરીકોની ઉપસ્થિતિમાં ટ્રેનને હાર પહેરાવી શ્રીફળ વધેરી, સ્વાગત કર્યા બાદ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ શાંતિ એક્સપ્રેસ ટ્રેન ચિલોડાના આસપાસના અન્ય ગામોમાં ફરીને લાખો લોકોને શાંતિ, સદ્‌ભાવના, એકતા, રાષ્ટ્રપ્રેમ અને પરમાત્મા પ્રેમનો શુભ સંદેશ આપ્યો હતો. ત્યારબાદ યોજાયેલ સ્વ પરિવર્તન શિબિરનો અસંખ્ય લોકોએ લાભ લઈ ધન્યતા અનુભવી રહ્યા છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

દરજી સમાજના લગ્નોત્સવમાં

સમાજના કુરિવાજો નાથવા નવદંપતિઓએ પ્રતિજ્ઞા લીધી

ગાંધીનગર, તા.૨૪

સાંપ્રત સમયમાં દરેક સમાજ નવી વિચારસરણી અને સ્પષ્ટ સમાજોપયોગી કામગીરી તરફ ઢળ્યો છે ત્યારે તાજેતરમાં દરજી સમાજના લગ્નોત્સવમાં પ્રભુતામાં પગલા માંડતા નવદંપતિઓએ સમાજમાંથી કુરિવાજો, કુપોષણ અને વ્યસન જેવી બદીઓથી દૂર રહેવાના સોગંદ લીધા હતા.

શ્રી છોત્તેર ગોળ દરજી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટ દ્વારા આયોજીત ૨૬મો સમૂહ લગ્નોત્સવ ગાંધીનગર જિલ્લાના વાસણીયા મહાદેવ ખાતે તાજેતરમાં ઉજવાઈ ગયો. લગ્નોત્સવમાં પ્રભુતામાં પગલા પાડનાર નવ દંપતિઓએ સમાજમાંથી કુરિવાજો, કુપોષણ તેમજ વ્યસન જેવી બદીઓથી દૂર રહેવાના સોગંદ લીધા હતા. આ પ્રસંગે વાસણ ગામના સરપંચ મફતસિંહ વાઘેલા, નિવૃત્ત પી.એસ.આઈ. મફતસિંહ વાઘેલા તેમજ દરજી સમાજના અગ્રણીઓ ખાસ હાજર રહ્યા હતા અને નવ દંપતિઓને આશીર્વાદ પાઠવ્યા હતા.

ગાંધીનગરમાં દેશભરની પ્રખ્યાત ચીજ વસ્તુઓની ગ્રુપ શોપ બાંધવા રજુઆત

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં ગુજરાત ઉપરાંત દેશના વિવિધ વિસ્તારોની પ્રખ્યાત ચીજવસ્તુઓની દુકાન કે શોપ ગ્રુપ હોવું જરુરી છે. શહેરના નાગરિક એસ.એન. યાદવે રજૂઆત કરી છે કે, ગાંધીનગરમાં ઉચ્ચકક્ષાના અધિકારીઓ-ઉચ્ચ કક્ષાના વી.વી.આઈ.પી. મુલાકાતીઓ પધારતા હોઈ, ઉદ્યોગપતિઓ પધારતા હોઈ વિદેશી મહેમાનો ગાંધીનગરની મુલાકાત લેતા હોય ત્યારે ગુજરાતની પ્રખ્યાત ચીજો-ભારતની પ્રખ્યાત ચીજ વસ્તુઓની દુકાનોનું ગ્રુપ આકાર પામે તે ખાસ જરુરી છે.

ગાંધીનગરમાં પાટણના પ્રખ્યાત પટોળાની દુકાન, વલસાડ-તલાલાની પ્રખ્યાત કેરીની દુકાનો, પીપળજ-દાહોદની પ્રખ્યાત દેશી કેરીની દુકાન-કચ્છની બાંધણી-ગુલાબ પાક અને શિયાળુ પાકોની દુકાન-જામનગરની બાંધણીની દુકાન-અંબાજીના આરસપહાણની ચીજ વસ્તુઓની દુકાન-સખંડોના કાષ્ટ કલાની દુકાન-ક્રાંગધ્રાના પાષાણ નશીકામની દુકાન-રાજકોટની ચીકી અને પોરબંદરની ખતલી-સુરતની ઘારી તેવી જ રીતે દરેક સ્થળોની પ્રખ્યાત વસ્તુઓ-ચીજોની દુકાનોનું જુથ ગાંધીનગર ખાતે હોવું ખાસ જરુરી છે.

તેમજ ગ-૦ અને ગ-૧ વચ્ચે આવેલ આરટીઓ કચેરી પાસે ગ્રાહક સુવિધા કેન્દ્ર શોપીંગ સેન્ટર-જેમાં દાકતરની સુવિધા-ઝેરોક્ષ-કોમ્પ્યુટર-જોબવર્ક-ટાઈપીંગ-ઠંડા પીણા-શેરડીનો રસ-સારો પોષણક્ષમ નાસ્તો-જમવાની વ્યવસ્થા ધરાવતી ડઝનેક દુકાનો ધરાવતાં શોપીંગ સેન્ટર ગ્રાહક સુવિધા કેન્દ્ર હોવું જરુરી છે. તેમજ ઘ-૦ અને ગ-૦ એ મધુર ડેરીનું વેચાણ કેન્દ્ર હોવું ખાસ જરુરી છે.

આ બાબતે ગાંધીનગર મહાનગરપાલિકા અમલ કરવાની પહેલ કરે તે જરુરી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૩

સૂર્યાસ્ત : ૬.૨૮

તાપમાન

મહત્તમ : ૨૯.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૫.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૩૫ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

એ ગુડ ડેય ટુ ડાઈ હાર્ડ (હિન્દી) : ૯.૦૦, ૧.૪૫, ૬.૪૫, ૮.૪૫, ૧૦.૪૫

એબીસીડી: એની બૉડી કૅન ડાન્સ (ડી) : ૧૧.૦૦, ૩.૪૫

: સ્ક્રીન-૨ :

કાઈ પો છે : ૯.૪૫, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

સ્પેશયલ-૨૬ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

જિલ્લા ગાજીયાબાદ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૦૦, ૧૦.૧૫

કાઈ પો છે : ૬.૪૫

સૂર્યા, વાવોલ

જિલ્લા ગાજીયાબાદ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

હા હું દિકરીનો બાપ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

જિલ્લા ગાજીયાબાદ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫,

: સ્ક્રીન-૨ :

ડાઈ હાર્ડ-૫ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

મર્ડર-૩ : ૧૦.૩૦, ૩.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

જયંતાભાઈકી લવ સ્ટોરી : ૧૨.૪૫, ૫.૧૫

ચિરાગ, કલોલ

જિલ્લા ગાજીયાબાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- કર્ણાવતી હોસ્પિટલ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રાત્રે ૯.૧૫ કલાકે.

શૈક્ષણિક

- મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ કડી, ગાંધીનગર અને કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગરના સંયુકત ઉપક્રમે ગુજરાતી લઘુકથા-પરિસંવાદનું સવારે ૯.૩૦ કલાકે, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેકટર-૧૫, ગાંધીનગર ખાતે યોજાશે.
- કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત એમએસસી આઈટી દ્વારા નેશનલ લેવલનો ટેકનીકલ ફસ્ટિવલ લા-કોમ્પાસનું ઉદ્‌ઘાટન સવારે ૮.૩૦ કલાકે, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેકટર-૧૫, યોજાશે.

આપની આજ

મેષ : સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. આપના દ્વારા કરાયેલા પૂર્વના કાર્યોનું ફળ પ્રાપ્ત થવાની સંભાવના છે.

વૃષભ : દિવસ મધ્યમ અને ફળદાયી પસાર થઈ શકશે. આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

મિથુન : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

કર્ક : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

સિંહ : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

કન્યા : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીજનો સાથે વિવાદોથી દુર રહેવું.

તુલા : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

ધન : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે.

મકર : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. આપનો આત્મવિશ્વાસ અડગ થશે.

કુંભ : મિત્રો અને સહયોગીઓ અને વ્યાપારમાં ભાગીદારો પર વધારે વિશ્વાસ નુકશાન કારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

મીન : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ ન થાય તેની કાળજી લેવી.

ચિરવિદાય

- સ્વ. રઈજી બબુજી ઠાકોર (ઉ.વ. ૫૬) ટેબાવાળો વાસ, મુ.પો. રૂપાલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. નીતિન રમણીકલાલ શાહ (ઉ.વ. ૪૧)બ્લોક નં. જે-૮, ગ્રીનસીટી, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. નટુજી શકરાજી ઠાકોર (ઉ.વ. ૪૭)બ્લોક નં. ૮૬૪/૨, કેટેગરી-૨, સેકટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. મગનજી મોહનજી ઠાકોર (ઉ.વ. ૧૦૨)મુ.પો. કોઠા, તા. કલોલ, જિ. ગાંધીનગર.